Extra No. 45

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXVII ]    FRIDAY, OCTOBER 9, 2026 / ASVINA 17, 1948

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

**PART I**

**CENTRAL SECTION**

**Government Notification and Appointments etc.**

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર**

**જાહેરનામું**

ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૬

**ક્રમાંકઃ GSSSB/2026/29/ભરતી/102026/33/તાં-૨**

૨. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા.૨૫-૦૨-૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ૩૮૮/૨૦૨૫૨૬ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી હસ્તકની સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર (ઓટોમોબાઈલ ગ્રુપ) વર્ગ-૩ સંવર્ગની નીચે દર્શાવ્યા મુજબની કુલ-૨૪ જગ્યાઓ દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશથી ભરવા માટે ઓન-લાઈન અરજી પત્રકો મંગાવવામાં આવેલ હતા. જેના અનુસંધાને જાહેરાતમાં નીચે મુજબની જગ્યાઓનો સમાવેશ કરવામાં આવેલ હતો.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગતાના જુથ પ્રમાણે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
| | | **B, LV** | **D, HH** | --- | **ID, SLD, MI** | **MD** |
| | | **A** | **B** | **C** | **D & E** | |
| સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઓટોમોબાઇલ ગ્રુપ) | ૨૪ | ૦૮ | ૦૭ | ૦૦ | ૦૯ | |

ઉક્ત જાહેરાત અન્વયે રજીસ્ટર્ડ-કન્ફર્મ થયેલ કુલ-૧૭ ઉમેદવારોના અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણી કરતાં કુલ-૧૫ ઉમેદવારો આગળની ભરતી પ્રક્રિયા માટે લાયક ગણવાપાત્ર ઠરતાં, તેવા ઉમેદવારોની મંડળે નક્કી કરેલ MCQ-CBRT પદ્ધતિ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ હતી. જેમાં કુલ-૦૯ ઉમેદવારો હાજર રહેલ હતાં.

૩. ઉક્ત પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ અને કેટેગરી વાઈઝ ભરવાની થતી ખાલી જગ્યાના પ્રમાણમાં પસંદગી તથા પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારોની યાદી બનાવીને તેવા ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે પરિણામ પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવતાં તે મુજબ કુલ-૦૧ સંભવિત ઉમેદવારની યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ઉક્ત યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારને મંડળની કચેરી ખાતે રૂબરૂ બોલાવીને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૦૬/૦૨/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક: GR-2025-12-LED/MRW/e-file/11/2022/1186/R1 થી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર(ઓટોમોબાઇલ ગ્રૂપ) સંવર્ગ માટે નિયત કરવામાં આવેલ ભરતી નિયમો મુજબ કેટેગરી વાઈઝ વય-મર્યાદા, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરે વિગતો કે જે ઉમેદવારોએ ઓન-લાઇન અરજીપત્રકમાં દર્શાવેલ, તેની અસલ પ્રમાણપત્રોની સાથે ચકાસણી કરવામાં આવેલ હતી. પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારો પૈકી કુલ-૦૧ ઉમેદવારની પસંદગી યાદી બનાવીને પ્રસિદ્ધ કરવામાં આવે છે. પૂરતા લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે આ કેટેગરીમાં પ્રતિક્ષા યાદી બની શકેલ નથી. પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારને નિમણૂક માટેની આગળની કાર્યવાહી માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની ખાતાના વડાની કચેરી નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરીને ફાળવી આપવા માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તક આથી મુકવામાં આવે છે.

**પસંદગી યાદી**

| Merit No. | Roll No. | Full Name | Gender | Category | PH Group | Treated as |
|---|---|---|---|---|---|---|
| 1 | 388000001 | AMITKUMAR JAYANTIBHAI PATEL | M | GENERAL | Group- A | PH-Gr. A- 1 |

૪. ઉપર મુજબની વિગતે પસંદગી યાદીમાં દિવ્યાંગતાના ગ્રુપવાઇઝ નીચે દર્શાવ્યા મુજબના ઉમેદવારો સ્થાન પામેલ છે.

| યાદી | કુલ ઉમેદવારો | શારિરીક અશક્ત (દિવ્યાંગ) | A | B | C | D & E |
|---|---|---|---|---|---|---|
| **પસંદગી યાદી** | **૦૧** | **૦૧** | **૦૧** | ૦૦ | ૦૦ | ૦૦ |

(૧) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની Group-A ની કુલ-૦૮ જગ્યા સામે લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં માત્ર ૦૧ ઉમેદવારો ઉપલબ્ધ થાય છે. આમ, આ કેટેગરીમાં ૦૧ ઉમેદવારોનો સમાવેશ પસંદગી યાદીમાં કરવામાં આવેલ છે. લઘુત્તમ

લાયકી ગુણની મર્યાદામાં પૂરતા લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે આ કેટેગરીની ૦૭ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે અને પૂરતા લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે આ કેટેગરીમાં પ્રતિક્ષા યાદી બની શકેલ નથી.

(૨) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની Group-B ની કુલ-૦૭ જગ્યા સામે લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં એકપણ ઉમેદવાર ઉપલબ્ધ થયેલ નથી. તેથી આ કેટેગરીની તમામ કુલ-૦૭ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે અને પૂરતા લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે આ કેટેગરીમાં પસંદગી/પ્રતિક્ષા યાદી બની શકેલ નથી.

(૩) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની Group-D & E ની કુલ-૦૯ જગ્યા સામે લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં એકપણ ઉમેદવાર ઉપલબ્ધ થયેલ નથી. તેથી આ કેટેગરીની તમામ કુલ-૦૯ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે અને પૂરતા લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે આ કેટેગરીમાં પસંદગી/પ્રતિક્ષા યાદી બની શકેલ નથી.

૫. ઉક્ત પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારની નિમણૂક જાહેરાતમાં નિયત થયેલ તા.૧૬/૦૩/૨૦૨૬ની સ્થિતિએ આ સંવર્ગના ભરતી નિયમો મુજબ તેઓ વયમર્યાદા, જાતિ, કેટેગરી અને તા.૦૭/૦૪/૨૦૨૬ ની સ્થિતિએ આ સંવર્ગના ભરતી નિયમો મુજબ શૈક્ષણિક લાયકાતની યોગ્યતા ધરાવે છે, તે તેઓના અસલ પ્રમાણપત્રોની ખરાઇને આધીન રહેશે. પ્રસ્તુત પસંદગી યાદીમાં ઉમેદવારના નામનો સમાવેશ થવાથી તેમને આપોઆપ નિમણૂક નો હક્ક પ્રાપ્ત થઇ જતો નથી.

**કેયુર જેઠવા,**

તારીખઃ ૧૪/૦૯/૨૦૨૬ સચિવ.

------------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.10.14 22:07:39 IST